## 7. Finding of the Case :

આ કામનાં આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૭૯ મુજબના ગુનાનો આરોપ છે અને તેઓ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે. તેઓની રજુઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને આર્થિક પરિસ્થિતિ સારી નથી. ગુના બદલ તેઓ પસ્તાવો વ્યકત કરે છે અને કુટુંબની તમામ જવાબદારી તેમના ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહીં કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતા તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજાવવા છતાં, તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેમજ સમજ આપવા છતાં, આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિં કરે તેની ખાત્રી આપી, રહેમ કરવા રજુઆત કરેલ છે.

આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજુઆત તથા કબુલાત અને કેસના સંજોગોને ઘ્યાને લેતાં તેમજ <u>ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧)જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત –વિરૂઘ્ધ– નટવર હરીશ ચંદ્રજી ઠાકોર</u> ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિઘ્ધાંતને તથા આરોપીના સંજોગોને ઘ્યાને લેતા આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાઈ તેમ હોઈ, ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## :: હુકમ ::

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ : ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબનાં ગુના માટે તકસીરવાર ઠરાવી તમામ કલમો અંગે સંયુકત રીતે કુલ રૂા.૫૦૦/–(અંકે રૂા. પાંચસો પુરા)દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦ (દસ)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાંઆવે છે.

હુકમ આજરોજ મારી સહી તથા અદાલતનો સિકકો કરી,ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૯/૩/૨૦૧૯
અમદાવાદ.

એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ.